આજે માણસા ખાતે વિશાળ ખેડુત સભા

ગાંધીનગર, તા.૧

ખેડુતોના સળગતા પ્રશ્નોને વાચા આપવા માણસા તાલુકામાં ગુજરાત ખેડુત હિત રક્ષક મંડળ દ્વારા વિશાળ ખેડુત સભાનું આયોજન માર્કેટ યાડ માણસા ખાતે સવારે ૮ કલાકે કરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી ખેડુતોના ૧૯ જેટલા પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી. આ ખેડુત સભામાં મોટીસંખ્યામાં ખેડુતો હાજર રહેશે.

માણસા માર્કેટ યાર્ડ ખાતે આયોજીત ખેડુત મહાસભામાં ગુજરાત ખેડુત હિત રક્ષક મંડળ દ્વારા ખેડુતલક્ષી પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. જેમાં દેરક ગામના તળાવ તથા સીમ તળાવ પાણીથી તાત્કાલીક અસરથી ભરવા અને કેનાલ પર વિજ કનેકશન નહીંવત ચાર્જમાં આપવા, સુજલામ, સુફલામ કેનાલમાં તથા નર્મદા કેનાલમાં ૩૬૫ દિવસ પાણી ખેતી માટે આપો, ઉદ્યોગોને ટેક્ષ માફી સરકાર આપે છે, તો ખેડુતોને દેવા માફી કેમ નહી, ભારતના કેટલાક રાજયમાં ખેડુતોને ખેતી માટે વિજળી વિના મુલ્યે મળે છે તો ગુજરાતમાં કેમ નહી, ખેડુતનો પાક વિમો મરજીયાત કરવો, કાયમી કૃષી પંચની રચના કરવી, ખેતીને લગતા ડ્રીપ ઈરીગેશન, ખેત ઔજારો તેમજ ટ્રેકટર પર જીએસટી દુર કરો, તમામ પાકના ટેકાના ભાવ ૨ માસ પહેલા નક્કી કરવા, નવું જમીન સર્વે રદ કરી ગાયકવાડ વખતનું જુનુ સર્વે અમલ કરવુ, રીવન્યું ગ્રામ પંચાયતમાં પરત લાવવું, જાહેર હેતુમાં ખેતીની જમીન સરકારે લેવી હોય તો ખેડુતને જંત્રીની ૧૦ ગણી રકમ આપવી, જમીન સંપાદન બાદ ખેડુત ખાતેદાર મટી જતો હોય તો કાયમી ખેડુત પ્રમાણપત્ર આપવું, ખેતી વિષયક વીજ જોડાણમાં કોઈપણ પ્રકારનો ચાર્જ લીધા સિવાય વારસાઈ કરવી તેમજ નામફેર કરવો, જમીનમાં વારસાઈ સીધીલીટી તેમજ આડી લીટીમાં રૂ.૧૦૦ નોટરીના આધારે કરવી, રાજસ્થાન અને કર્ણાટકમાં દુધ ઉત્પાદકોને રાજય સરકાર સીધી સહાય પેટે રૂ.૪ આપે છે તો ગુજરાત સરકાર કેમ નહી, આ તમામ પ્રશ્નો પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેથી તાલુકાના તમામ ખેડુતોને મોટીસંખ્યામાં માણસા માર્કેટયાર્ડ ખાતે હાજર રહેવા ગુજરાત ખેડુત હિત રક્ષક મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

જીવન સુધા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રમજીવી વિસ્તારમાં નાસ્તાનું વિતરણ

જીવન સુધા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અખાત્રીજના પવિત્ર દિવસે સેકટર-૬ની શ્રમજીવી વસાહતમાં સ્ટીલની ડીસો અને સીંગની ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટ જરુરીયાત મંદ વૃધ્ધજનોને મેડીકલ સહાય તથા અન્ન સહાયમાં પ્રવૃત છે. શ્રમજીવીઓના શાળાએ જતા બાળકોને શિક્ષણ સહાયમાં પણ સતત જોડાયેલું રહે છે.

વાવોલ-ગોકુલપુરા રોડ પરથી બાઈક ચોર ઝડપાયો

સે-૬ના આર્ટ એન્ડ ક્રાફ્ટ પાસેથી અને કોલવડાથી બાઈક ચોર્યા હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એસઓજીની ટીમે બાતમી આધારે વોચ ગોઠવીને વાવોલ-ગોકુલપુરા રોડ ઉપરથી એક શખ્સને ચોરીના બાઈક સાથે દબોચી લીધો છે. આ શખ્સની ઉંડી પુછતાછમાં બહાર આવ્યું છે કે તેણે સે-૬ના આર્ટ એન્ડ ક્રાફ્ટ પાસે પાર્કીંગમાંથી એક બાઈક અને કોલવડા પાસેથી એક બાઈક ચોરી કર્યું હતું. તેની ધરપકડ કરી ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પરેશ સોલંકીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને જયદિપસિંહને સંયુકત બાતમી મળી હતી કે વાવોલથી ગોકુલપુરા તરફના રોડ પર એક શખ્સ ચોરીનું બાઈક લઈને નીકળે છે જે આધારે ત્યાં વોચ ગોઠવીને તે શખ્સને બાતમીવાળા બાઈક સાથે પકડી પાડયો હતો તેની સઘન પુછતાછ કરતા બહાર આવ્યું છે કે સે-૬ના આર્ટ એન્ડ ક્રાફ્ટ માર્કેટમાંથી તેણે બાઈક ચોરી કર્યું છે તે ઉપરાંત આઠેક દિવસ પહેલા કોલવડા ગામમાંથી પણ એક ડીસ્કર બાઈક ઉઠાવ્યું હતું. એસઓજીની ટીમે મુળ ધાંગધ્રા વિસ્તારનો અને હાલ કલોલ તાલુકાના લીંબોદ્રા ખાતે રહેતા રવિ વનરાજસિંહ જાડેજાની ધરપકડ કરી લઈ ચોરીનું બાઈક રીકવર કરી વધુ પુછપરછ શરુ કરી છે.

મનપા દ્વારા સાબરમતી નદીમાં ઝાડી-ઝાંખરા દૂર કરી જળ સંચય અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સુજલામ-સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત સાબરમતી નદીના પાણીના આવરામાં આવતાં ઝાડી-ઝાંખરા દૂર કરવાનો પ્રારંભ ઈન્દ્રોડા ખાતે નદીના પટમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી એસ.એ.અમરાણી, ડેપ્યુટી મેયર શ્રી મહેન્દ્રસિંહ ચાવડા તથા કોર્પોરેશનના કાઉન્સિલરોની ઉપસ્થિતમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં મહાનગરપાલિકા દ્વારા બે જેસીબી, બે ડમ્પર અને ૧૦૦ જેટલા કામદારોએ જળ સંચય અભિયાનમાં શ્રમદાન કર્યું હતું.

મેયર શ્રી પ્રવિણભાઈ પટેલે પાણીનું મહત્વ સમજવી પર્યાવરણના રક્ષણ અને પાણીનો સંચય કરી જળ સ્ત્રોતના મિશનને પાર પાડવા રાજય સરકારના મહત્વાકાંક્ષી અભિયાનમાં નાગરિકોને જોડાવવા અપીલ કરી હતી.

શિક્ષણ ખાતાના વહીવટી કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના (મીનીસ્ટેરીયલ) કર્મચારીઓનું મંડળ, ગુ.રા. ગાંધીનગરનો વ્યાપ રાજયના તમામ જિલ્લાઓમાં ફેલાયેલો છે. આ મંડળની રાજય કારોબારી મસિતિના ગાંધીનગર ખાતેના ૧૩ સભ્યોની ચૂંટણી તા. ૨૦-૪-૨૦૧૮ને શુક્રવારના રોજ યોજવામાં આવી હતી. જેમાં 'એમ્પ્લોયી ડેમોક્રેટીક ફ્રન્ટ' પેનલના ૧૩ સભ્યોમાંથી ૮ ઉમેદવારો વિજેતા જાહેર થતાં, આ પેનલને બહુમતી મળેલ હતી.

ચૂંટણી બાદ આ મંડળની તા. ૨૨-૪-૨૦૧૮ને રવિવારના રોજ સવારના ૧૧ કલાકે સરકારી વાણિજય કોલેજ, સે. ૧૫, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ સામાન્ય સભમાં પ્રમુખ અને મહામંત્રીની વરણી થયા બાદ અન્ય હોદ્દેદારોની પણ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સામાન્ય સભામાં શિક્ષણ ખાતાના કર્મચારીઓના પડતર પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે ભારપૂર્વક પ્રયત્નો કરવાની ચર્ચા-વિચારણાઓ પણ કરવામાં આવી હતી. તેમજ પ્રમુખ અને મહામંત્રીએ કર્મચારીઓના તમામ પ્રશ્નોનો ઉકેલ સૌના સાથ અને સહકારથી લાવવા હાંકલ કરી હતી.

એમ્પ્લોયી ડેમોક્રેટીક ફ્રન્ટ' પેનલમાંથી વરણી પામેલા હોદ્દેદારો

જગદીશ એમ. પરમાર - પ્રમુખ, નાગજીભાઈ વી. ચૌધરી - મહામંત્રી, ગીતાબા આર. ચૌહાણ - ઉપપ્રમુખ, મહેશભાઈ ડી. પટેલ - સંગઠનમંત્રી, પંકજકુમાર એસ. પટેલ - ખજાનચી, લલિતાબેન આર. અસારી - મહિલા પ્રતિનિધિ, ભૂપેન્દ્ર એચ. ગજજર - સહમંત્રી, કલ્પના ડી. વસાવા - સહમંત્રી

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર જિલ્લામાં સુઘડ, બાલવા અને પરબતપુરા ગામના તળાવ ઉંડા કરવાનો પ્રારંભ

રાજયભરમાં તા.૧ લી મે ગુજરાત રાજયના સ્થાપના દિને રાજય સરકારના મહા જળયજ્ઞ મીશન અન્વયે સુજલામ – સુફલામ જળ અભિયાનનો રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિ અમીનના હસ્તે સુઘડ, બાલવા અને પરબતપુરા ગામે તળાવ ઉંડા કરવાનો પ્રારંભ કર્યો હતો. આવનાર વર્ષોમાં જળ સંકટના નિવારણ માટેનું આ જળ અભિયાન એક જન આંદોલન બને તથા લોકોની ભાગીદારી અને શ્રમદાન દ્વારા જળ સ્ત્રોતોના પુનઃજીવનનું મીશન સાર્થક કરવા શ્રી નરહરિ અમીને આહૂવાન કર્યું હતું. ગામડાઓનો વિકાસ જળ ઉપર નિર્ભર છે. ત્યારે લોકોમાં જન જાગૃતિ આવે અને પાણી બચાવવામાં મહિલાઓ જાગૃતિ દાખવી નોંધપાત્ર યોગદાન આપશે. તો રાજય સરકારનો જળ નિર્ધારનો કાર્યક્રમ સફળ બનશે.

ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણ પટેલે જળ સંચય અભિયાનને સફળ બનાવવા કુદરતી સંશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારે જળ સંચય માટે લોકભાગીદારી અને શ્રમદાન દ્વારા અમૃત સમાન પાણી બચાવવા અને કુદરતી જળસ્ત્રોતનો સંયમથી ઉપયોગ કરવા જણાવ્યું હતું.

ગાંધીનગર કલેકટર શ્રી એસ.કે.લાંગાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુઘડ ગામે જળ સંચયનો આ સુઘડ પ્રસંગ છે. રાજય સરકારના પાંચ વિભાગો દ્વારા હાથ ધરેલ આ મહા જળયજ્ઞ દ્વારા લોકોમાં પાણીનો વિવેક અને કરકસરપૂર્વક ઉપયોગ થાય તથા જળની લોકોને કિંમત સમજાશે. તો જ ભવિષ્યમાં જળ સંચયના ફળદાયી પરિણામો પ્રાપ્ત થશે. સુઘડ ગામનું તળાવ ૩.૨૫ હેકટર ક્ષેત્રફળ ધરાવે છે. આ તળાવમાં ૧.૩૩ મીલીયન ક્યુબીક ફીટ પાણીની સંગ્રહ શક્તિ વધીને તળાવ ઉંડું કર્યા પછી ૨.૨૩ મીલીયન કયુબીક ફીટ થશે. જિલ્લાના ૧૮૦ તળાવો ઉંડા કરવા ૫૪૦ જેસીબી/હીટાચી તથા ૧૫૦૦ જેટલા ડમ્પર-ટ્રેકટર મળી કુલ- ૨૦૭૦ યુનીટની મશીનરી આ જળયજ્ઞામાં વપરાશે. ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસીપલ કમિશનર શ્રી એસ.એલ.અમરાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

કલોલ તાલુકાના બાલવા અને માણસા તાલુકાના પરબતપુરા ગામે પણ સ્થાનિક સાધુ-સંતોની ઉપસ્થિતિમાં બંને ગામના તળાવ રૂ. નવ લાખના ખર્ચે ઉંડા થવાથી અનુક્રમે ૧.૫૦ મીલીયન કયુબીક ફીટ તથા ૧.૭૫ મીલીયન કયુબીક ફીટ પાણીની સંગ્રહશક્તિમાં વધારો થશે. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઈ, કલોલ પ્રાંત અધિકારી શ્રી કે.વી. ભોલોડિયા, નાયબ કલેકટર શ્રી જિજ્ઞાસા વેગડા સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેશભાઈ કોયાએ આભારવિધી કરી હતી.

વિશ્વ જણસારી જનક્ષત્રિય મોચી સમાજ સર્વાગી વિકાસ અભિયાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં સમગ્ર ગુજરાતમાંથી જ્ઞાતિજનોએ ૧૯૭૦ થી કર્મભુમિ બનાવેલ છે. સમાજના સર્વાગી વિકાસ વિકાસ માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા, તેજસ્વી તારલાઓને પુરસ્કાર, રમત-ગમત ક્ષેત્રે ખેલાડીઓને એવોર્ડ, સ્પર્ધાત્મક પરિક્ષા,રોજગારીની તકો, જીવનસાથી પસંદગી મેળો, સહિતના કાર્યક્રમનો સમાવેશ થાય છે. ઉપરાંત શૈક્ષણિક, સામાજીક અને આર્થિક ક્ષેત્રે આગળ વધે અને વિશિષ્ટ સિધ્ધી હાંસલ કરનાર સમાજના યુવાનોનું સન્માન કરવામાં આવે છે.

તાજેતરમાં જ સચિવાલયમાં ફરજ બજાવતા સૂર્યકાંત બી.ચાવડાએ ૬૧ વખત રકતદાન કરી સમાજ માટે ગૌરવ સમાન છે. જયારે હેલી ચૌહાણે ભરતનાટયમમાં ઉત્કૃષ્ટ નૃત્ય રજુ કરી મૃણાલીની બેનના હસ્તે પદવી મેળવેલ છે. બંન્ને ને સમાજ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ચોપડા અને ઈનામ, પુરસ્કાર માટે દાતાઓને સમાજના કન્વીનર મહેન્દ્રભાઈ કે ચૌહાણનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

દહેગામ તાલુકામાં ખારી નદીને પુનઃજીવિત કરવાના અભિયાનનો ચેખલાપગી ગામે પ્રારંભ

રાજયભરમાં આગામી તા.૧ લી મે થી શરૂ થનાર જળ સંચય અભિયાન અન્વયે ગાંધીનગર જિલ્લા જળસ્ત્રાત્ર વિકાસ એકમ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી દહેગામ તાલુકામાં ખારી નદીને પુનઃ જીવીત કરવાના નવતર અભિયાન અંતર્ગત દહેગામ તાલુકાના ચેખલાપગી ગામે રૂ. ૨૯.૫૫ લાખના જળ સંચયના વિકાસ કામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના પ્રાયોજનના નિયામક શ્રી રમેશ દેસાઈએ જણાવ્યું હતું કે, દહેગામ તાલુકાના ચેખલાપગી ગામ ખાતે ખારી નદીને પુનઃ જીવીત કરવાના નવતર અભિયાનના ભાગરૂપે નદીના કેચમેન્ટ વિસ્તારમાં ભુગર્ભ જળ સંચયના કામો માટે ૪૩૨ હેકટર વિસ્તારમાં બે ચેકડેમ, ૧૨ પથ્થર પાળાબંધીના ૧૦ નાળા પ્લગના અને વનીકરણ સહિત કુલ રૂ. ૨૯.૫૫ લાખના જળ સંચયના વિકાસકામો હાથ ધરવાનું આયોજન કર્યું છે.

ખારી નદીને પુનઃ જીવીત કરવા દહેગામ તાલુકાના ચેખલાપગી, કંથારપુરા, બાબરા, ધનીયોલ, નાના જલુન્દ્રા, બીલમણા, ધારીસણા, પાટનાકુવા અને વડવાસા એમ કુલ નવ ગામોમાં ૨૧ ચેકડેમ, ૭૯ પથ્થર પીચીંગ સાથે માટીવાળા, ૭૯ નાળા પ્લગ અને નવ હેકટરમાં વનીકરણ સહિત કુલ ૧૮૮ વિકાસકામો રૂ. ૨૨૫ લાખના ખર્ચે હાથ ધરાશે.

વીવીપેટ મશીનના મતપત્રોની ગણતરીની માંગ સાથે પાદરાના જશુભાઈના ધરણા

ગાંધીનગર, તા.૧

ગુજરાત ખાતે ડિસેમ્બર ૨૦૧૭માં યોજાયેલ ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં વપરાયેલ તમામ વિવિપેટ મશીનના મતપત્રોની ગણતરી કરવાની માંગણી સાથે આજરોજ ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી એક નાગરીકે પ્રતિક ધરણા યોજ્યા હતા. જો અગામી ૩૦ દિવસમાં તેમના પ્રશ્નનો સરકાર દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવાય તો તે મુખ્ય ચુંટણી આયોગ નવી દિલ્હી ખાતે અચોક્કસ મુદતના પ્રતિક ઉપવાસની ચિમકી ઉચ્ચારી છે.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના દરાપુરા ગામના રહીશ જશુભાઈ છીતાભાઈ પરમાર ઉ.વ.૫૬ ધંધો-ખેતી કરે છે. તેઓ ગત વિધાનસભાની ૧૪૬ બેઠક પાદરા ખાતેથી ઉમેદવારી નોંધાવી હતી. જશુભાઈના જણાવ્યા મુજબ અમારો પ્રચાર તેમજ વ્યકિત ગત

● અનુસંધાન પાના - ૭ પર

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અબોલ પશુઓ માટે પાણીના કુંડાનું વિતરણ

ઉનાળાની આકરી આગ ઝરતી ગરમીમાં અબોલ પક્ષીઓ પાણી માટે વલખા મારીને મુશ્કેલીમાં મુકાઈ જાય છે. શહેરમાં પક્ષી બચાવો અભિયાન અંતર્ગત અબોલ પક્ષીઓ માટે છેલ્લા સાત વર્ષથી મફત પાણીના કુંડાનું વિતરણ શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવે છે. ત્યારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ટ્રસ્ટ તરફથી ગત તા.૨૯ એપ્રિલને રવિવારના રોજ સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં પક્ષીના પાણીના અંદાજે ૨૫ હજાર કુંડાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના હોદેદારો તેમજ સભ્યો હાજર રહ્યા હતા.

ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન – ગુજરાત

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, સેક્ટર-૧૫, ખ-૫, ગાંધીનગર
(O) 079-2324 3733 / 34 (w) www.iite.ac.in

જાહેરાત

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન - ગુજરાત (ગાંધીનગર) એ ગુજરાત રાજ્ય-સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સીટીનો દરજ્જો ધરાવતી દેશની એકમાત્ર શિક્ષકો માટેની યુનિવર્સીટી છે. યુનિવર્સીટી સામાજિક જવાબદારીના ભાગ-રૂપે આગામી સમયમાં નીચેના ટ્રેનીંગ પ્રોગ્રામ કરવા જઈ રહેલ છે.

તારીખ	વર્કશોપ ની વિગત	પ્રતિભાગીઓ	કુલ પ્રતિભાગીઓ	કો-ઓર્ડીનેટર	નામ નોંધાવવાની આખર તારીખ
૬ મે, ૨૦૧૮	કોમ્યુનીકેશન સ્કીલ	ગાંધીનગર માં રેહતી વર્કિંગ વુમન	૩૦	કુ. ચિત્રલેખા ચક્રવર્તી	૪ મે, ૨૦૧૮
૬ મે, ૨૦૧૮	રીસર્ચ મેથડોલોજી	પી.એચ.ડી. કરતા સંશોધકો	૩૦	ડો. રવિરાજ રાજપુરા	૪ મે, ૨૦૧૮
૮ મે, ૨૦૧૮	ફોટોગ્રાફી	ગાંધીનગરના રહીશો	૩૦	શ્રી શૈલેશ રાવલ	૫ મે, ૨૦૧૮
૮ મે, ૨૦૧૮	કવિતા લેખન	ગાંધીનગરના રહીશો	૩૦	શ્રી ધ્વનિલ મેહતા	૫ મે, ૨૦૧૮
૮ મે, ૨૦૧૮	ટ્રેકિંગ , પોળો વન – વિજયનગર	૧૦માં – ૧૨મા ના વિદ્યાર્થીઓ	૪૦	કુ. હિરલ મેહતા	૫ મે, ૨૦૧૮
૯ મે, ૨૦૧૮	ડ્રામા ઈન એજ્યુકેશન	૧૦માં – ૧૨મા ના વિદ્યાર્થીઓ	૩૦	શ્રી કબીર ઠાકોર	૫ મે, ૨૦૧૮
૯ મે, ૨૦૧૮ સવારે ૯ થી ૧૧	હેલ્થ અવેરનેસ એન્ડ વેલનેસ	ગાંધીનગરના રહીશો (૩૫ થી ૬૦ વર્ષ)	૩૦	ડો. અખીલ મુકીમ	૫ મે, ૨૦૧૮
૧૦ મે, ૨૦૧૮	ફાઈન આર્ટ	૧૦માં – ૧૨મા ના વિદ્યાર્થીઓ	૩૦	શ્રી યોગેશ પવાર	૫ મે, ૨૦૧૮

ઉપરોક્ત ટ્રેનીગ પ્રોગ્રામ જે-તે વિષયના તજજ્ઞો દ્વારા ચલાવવામાં આવશે. ટ્રેનીંગ પ્રોગ્રામમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. રસ ધરાવતા પ્રતિભાગીઓએ વહેલા તે પહેલા ના ધોરણે ૧૧ થી ૬ દરમ્યાન યુનિવર્સીટી ખાતે સ્કીલ-સેન્ટરમાં રૂબરૂ નામ નોંધણી કરાવવાની રેહશે.

જા.ક. : આઈ.આઈ.ટી.ઈ./સી.ઓ.ટી./૮૧/૨૦૧૮
તા. : ૦૧/૦૫/૨૦૧૮ ઈ. રજીસ્ટ્રાર